08 નાણાકીય સંચાલન

પ્રકરણ ભાર : ૦૮ ગુણ

'આધુનિક અર્થકારણમાં નાણાંનું કાર્યક્ષમ સંચાલન કરવું અને
નાણાકીય સમસ્યાઓને ઉકેલવી એ કોઈ પણ કોર્પોરેટ એકમની પૂર્વજરૂરિયાત હોય છે.'

પ્રકરણ વિશેષ

લાયન્દલ ઉર્વિક (૧૮૯૧-૧૯૮૩)

- સંચાલકીય લેખક અને મેનેજમેન્ટ કન્સલટન્ટ
- બ્રિટીશ વિચારક અને સંચાલક
- ધંધાકીય સંચાલનના મૂળતત્વો પુસ્તકના લેખક
- કર્મચારીઓને હાથપગ સમાન ગણાવવામાં મહત્વનું યોગદાન આપનાર
- તમે માણસોનો ખ્યાલ રાખો,તેઓ એકમનો ખ્યાલ રાખશે તે વાકય આપનાર

પ્રકરણ ઉદ્દેશ

- નાણાકીય સંચાલનને વિસ્તૃત સમજ પૂરી પાડવી.
- મૂડી માળખાની સ્પષ્ટતા સાથે પ્રભાવીત પરિબળોની જાણકારી આપવી.
- આદર્શ મૂડી માળખુ ઉદાહરણ રૂપે સમજાવીને ભાવિ નાણાકીય સંચાલકોનું ઘડતર કરવું.
- કાયમી મૂડી અને કાર્યશીલ મૂડીની વિસ્તૃત જાણકારી સ્પષ્ટ કરવી.

પ્રકરણ વર્ગીકરણ

યુનિટ : ૦૧
નાણાકીય સંચાલનનો ખ્યાલ અને લાક્ષણિકતાઓ

યુનિટ : ૦૨
નાણાકીય સંચાલનનું મહત્વ-નાણાકીય સંચાલનનાં હેતુઓ-નફાનું મહત્તમીકરણનો હેતુ-સંપત્તિના મહત્તમીકરણનો હેતુ

યુનિટ : ૦૩
નાણાકીય નિર્ણયો-રોકાણ સંબંધિત નિર્ણયો-ધિરાણ સંબંધિત નિર્ણયો-ડિવિડન્ડ સંબંધિત નિર્ણયો

યુનિટ : ૦૪
મૂડી માળખું-ખ્યાલ-વ્યાખ્યા-આદર્શ મૂડી માળખાની લાક્ષણિકતાઓ

યુનિટ : ૦૫
મૂડી માળખાના પ્રકારો-મૂડી માળખાને અસર કરતાં પરિબળો

યુનિટ : ૦૬
કાર્યશીલ મૂડી-અર્થ-વ્યાખ્યા-લાક્ષણિકતાઓ-અસરકર્તા પરિબળો

યુનિટ : ૦૭
કાયમી મૂડી-અર્થ-વ્યાખ્યા-લાક્ષણિકતાઓ-અસરકર્તા પરિબળો

વિભાગ : A

નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરીને લખો : (પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૧ ગુણ) નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.

1. નફાના મહત્તમીકરણના હેતુ દ્વારા કેવા પ્રોજેક્ટ સ્વીકારવાનુ સૂચન કરવામાં આવ્યું છે?
(અ) ઓછા નુકસાનકારક (બ) માત્ર નુકસાનકારક (ક) માત્ર નફાકારક (ડ) વધુ નુકસાનકારક

2. એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે?
(અ) મૂડી માળખું (બ) કાર્યશીલ મૂડી (ક) કાયમી મૂડી (ડ) રોકડ પ્રવાહ

3. કયુ મૂડી માળખુ ઓછું જોખમી અને મહત્તમ વળતર આપે છે?
(અ) લઘુત્તમ મૂડી માળખુ (બ) વિશેષ મૂડી માળખું (ક) ઈષ્ટત્તમ મૂડી માળખું (ડ) નકારાત્મક મૂડી માળખું

4. સંપત્તિના મહત્તમીકરણમના અભિગમમાં માપદંડ તરીકે ગણવામાં આવે છે?
(અ) ઓછા નફાની (બ) વધુ નફાની (ક) વધારાના નફાની (ડ) રોકડ પ્રવાહ

5. રોકાણ અંગેના નિર્ણયોમાં શેનુ તત્વ રહેલું છે?
(અ) જોખમના અભાવનું (બ) અપેક્ષારહિત વળતરનું (ક) જોખમનું (ડ) અપેક્ષિત વળતરનું

6. ધિરાણ સંબંધિત નિર્ણયો કોની સાથે સંકળાયેલા છે?
(અ) કંપનીની મિલકતો સાથે (બ) મૂડીમાળખા સાથે (ક) કાર્યશીલ મૂડી સાથે (ડ) ચોખ્ખી મુડી સાથે

7. નફાના મહત્તમીકરણના હેતુ દ્વારા કંપની શેમાં વધારો કરી શકે છે?
(અ) વ્યકિતદીઠ કમાણી (બ) શેરદીઠ કમાણી (ક) શેરહોલ્ડરદીઠ કમાણી (ડ) કુલ કમાણી

8. નાણાકીય સંચાલન શેના માટેનો આધાર પૂરો પાડે છે.
(અ) આયોજન ના નિર્ણયો (બ) સંચાલકીય નિર્ણયો (ક) અંકુશના નિર્ણયો (ડ) વ્યવસ્થાતંત્રના નિર્ણયો

9. સંપત્તિના મહત્તમીકરણમના અભિગમમાં કોની અવગણના કરવામાં આવે છે?
(અ) ઓછા નફાની (બ) વધુ નફાની (ક) વધારાના નફાની (ડ) હિસાબી નફાની

10. માલિકના મહત્તમ આર્થિક કલ્યાણ માટે નાણાકીય સંચાલન કેટલા ધોરણો અપનાવે છે?
(અ) પાંચ (બ) ત્રણ (ક) ચાર (ડ) બે

11. નાણાકીય નિર્ણયો લેવા માટે યોગ્ય અને સાર્વત્રિક રીતે કયો હેતુ સ્વીકાર્ય બન્યો છેં?
(અ) નફાનું મહત્તમીકરણ (બ) સંપત્તિનુ મહત્તમીકરણ (ક) આવકનું મહત્તમીકરણ (ડ) વેતન મહત્તમીકરણ

12. કયા પ્રોફેસરે સંપત્તિના મહત્તમીકરણના હેતુની તરફેણ કરી છે?
(અ) પ્રો.ફેયોલ (બ) પ્રો.ગેઈલ (ક) પ્રો.સોલોમન (ડ) પ્રો.સલમાન

13. નાણાકીય સંચાલન નાણાકીય સાધનોના ઉપયોગ દ્વારા કયો હેતુ રાખે છે.
(અ) માલિકના આર્થિક મહત્તમીકરણનો (બ) માલિકના બિનઆર્થિક મહત્તમીકરણનો
(ક) કર્મચારી મહત્તમીકરણનો (ડ) ત્રાહિત પક્ષના મહત્તમીકરણનો

14. માલિકના આર્થિક મહત્તમીકરણ માટે મુખ્યત્વે કેટલા અભિગમો છે?
(અ) ૦૬ (બ) ૦૨ (ક) ૦૮ (ડ) ૦૭

15. નિર્ણય પ્રક્રિયામાં નાણાકીય સંચાલન કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.
(અ) આયોજનની પદ્ધતિઓ (બ) સંચાલકીય પદ્ધતિઓ (ક) આધુનિક ગાણિતીક પદ્ધતિ (ડ) વ્યવસ્થાતંત્રની પદ્ધતિ

16. નાણાકીય સંચાલનને મુખ્યત્વે કેટલા ભાગમાં વંહેચી શકાય છે?
(અ) ૦૬ (બ) ૦૪ (ક) ૦૨ (ડ) ૦૭

17. નાણું એ ધંધારૂપી શરીરમાં ......સમાન છે?
(અ) હાથ-પગ (બ) મગજ (ક) રક્ત (ડ) આત્મા

18. ....ની આસપાસ બધી જ આર્થિક પ્રવૃત્તિઓ ફર્યા કરે છે.
(અ) યંત્રો (બ) નાણુ (ક) મિલકતા (ડ) પ્લાન્ટ

19. નાણાકીય સંચાલન એવી પ્રવૃત્તિ છે જે નાણાકીય સાધનોના આયોજન અને અંકુશ સાથે સંબંધ ધરાવે છે.
(અ) સામાજીક પ્રવૃત્તિ (બ) રાજકીય પ્રવૃત્તિ (ક) સંચાલકીય પ્રવૃત્તિ (ડ) ધાર્મિક પ્રવૃત્તિ

20. નાણાકીય સંચાલન એ કોની એક શાખા છે?
(અ) અંકુશની (બ) સંચાલનની (ક) આયોજનની (ડ) વિજ્ઞાનની

21. જરૂર પડે ત્યારે નાણાં મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા એટલે...
(અ) નાણાકીય અંકુશ (બ) નાણાકીય સંચાલન (ક) નાણાકીય વિચારણા (ડ) નાણાકીય નિર્ણયો

22. સંપત્તિના મહત્તમીકરણનો હેતુ બીજા કયા નામે ઓળખાય છે?

(અ) સામાજીક કલ્યાણ (બ) મૂડીરોકાણ (ક) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય (ડ) ઈક્વિટી પરનો વેપાર

23. નાણાકીય સંચાલનનાં કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી સમાવેશ થતો નથી.

(અ) યોગ્ય ફાળવણી (બ) નાણાની પ્રાપ્તિ (ક) આયોજન અને અંકુશ (ડ) વિજ્ઞાન અને ધર્મ

24. સપંત્તિના મહત્તમીકરણનું ધોરણ કયા ખ્યાલ ઉપર આધારીત છે?

(અ) નફાકારકતા (બ) સામાજીક જવાબદારી (ક) સંપત્તિના કુલ વર્તમાન મૂલ્ય (ડ) રોકડ પ્રવાહ

25. નાણાકીય સંચાલન કોની સાથે સંબંધ ધરાવે છે?

(અ) નાણાકાર્ય (બ) નાણા બજાર (ક) મૂડીબજાર (ડ) શેરબજાર

26. રોકાણ અંગેના નિર્ણયો એટલે... **March 2020**

(અ) મૂડી પડતર (બ) મૂડી બજેટીંગ (ક) મૂડી માળખું (ડ) નફાનું પુનઃરોકાણ

27. ઈક્વિટી અને દેવાનું યોગ્ય પ્રમાણ ધરાવતું મૂડી માળખું એટલે...**March 2019**

(અ) ઈષ્ટતમ મૂડી માળખું (બ) સરળ મૂડી માળખું (ક) કાર્યશીલ મૂડી માળખું (ડ) પ્રમાણસર મૂડી માળખું

28. ચોખ્ખી કાર્યશીલ મૂડીના ખ્યાલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(અ) ચાલુ જવાબદારીઓ ઉપર ચાલુ મિલકતોનો વધારો (બ) ધંધાકીય એકમની તરલતાની સ્થિતી દર્શાવતો નથી.

(ક) કાર્યશીલ મૂડી માટે યોગ્ય માપદંડ પૂરો પાડે છે.(ડ) ચાલુ જવાબદારીમાં વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં વધારો કરતું નથી.

29.કઈ મૂડી જીવનરક્ત સમાન છે?

(અ) કાયમી મૂડી (બ) કાર્યશીલ મૂડી (ક) ઈષ્ટતમ મૂડી (ડ) ચોખ્ખી મૂડી

30. મૂડી માળખાનાં કેટલા પ્રકાર છે?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

31. ડિવિડન્ડ કઈ મૂડી પર ચૂકવાય છે?**March 2019,2020**

(અ) ભરપાઈ થયેલી મૂડી પર (બ) અધિકૃત મૂડી પર (ક) મંગાવેલી મૂડી પર (ડ) કાર્યશીલ મૂડી પર

32. કાયમી મૂડીના સંદર્ભમાં કયુ વિધાન સાચુ છે?

(અ) ૫ વર્ષ સુધી જ ધંધામાં રોકાયેલી રહે છે. (બ) દેવાદારો,લેણીહૂંડી,બેંક સિલક વગેરે ઘટકો છે.

(ક) તરલતાનું પ્રમાણ નજીવું છે. (ડ) રોકાણ સરળતાથી પાછું ખેંચી શકાય છે.

33. વિદેશી રોકાણ સંસ્થાએ તેની નોંધણી કોની સમક્ષ કરાવવી પડે છે?

(અ) કંપની રજિસ્ટ્રાર (બ) અદાલત (ક) શેરબજાર (ડ) સેબી

34. ચાલુ જવાબદારીઓ કરતાં ચાલુ મિલકતોનો વધારો એટલે...

(અ) હકારાત્મક કાર્યશીલ મૂડી (બ) નકારાત્મક કાર્યશીલ મૂડી (ક) સરભર કાર્યશીલ મૂડી (ડ) કુલ કાર્યશીલ મૂડી

ઉત્તરો :

1) (ક) માત્ર નફાકારક
2) (અ) મૂડી માળખ
3) (ક) ઈષ્ટત્તમ મૂડી માળખ
4) (ડ) રોકડ પ્રવાહ
5) (ક) જોખમનું
6) (બ) મૂડીમાળખા સાથ
7) (બ) શેરદીઠ કમાણી
8) (બ) સંચાલકીય નિર્ણયા
9) (ડ) હિસાબી નફાની
10) (ડ) બે
11) (બ) સંપત્તિનુ મહત્તમીકરણ
12) (ક) પ્રો.સોલોમન
13) (અ) માલિકના આર્થિક મહત્તમીકરણના
14) (બ) ૦૨
15) (ક) આધુનિક ગાણિતીક પદ્ધતિ
16) (ક) ૦૨
17) (ક) રક્ત
18) (બ) નાણુ
19) (ક) સંચાલકીય પ્રવૃત્તિ
20) (બ) સંચાલનની
21) (બ) નાણાકીય સંચાલન
22) (ક) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય
23) (ડ) વિજ્ઞાન અને ધર્મ
24) (ડ) રોકડ પ્રવાહ
25) (અ) નાણાકાય
26) (બ) મૂડી બજેટીગ
27) (અ) ઈષ્ટતમ મૂડી માળખું
28) (ડ)ચાલુ જવાબદારીમાં વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં વધારો કરતું નથી.
29) (બ) કાર્યશીલ મૂડી
30) (ક) ચાર
31) (અ) ભરપાઈ થયેલી મૂડી પર
32) (ક) તરલતાનું પ્રમાણ નજીવું છે.
33) (ડ) સેબી
34) (અ) હકારાત્મક કાર્યશીલ મૂડી

વિભાગ : B

નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.(પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૧ ગુણ) નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.

1. નાણાકીય સંચાલન એટલે શું?

જવાબ: નાણાકીય સંચાલન એટલે જયારે જરૂર પડે ત્યારે નાણાં મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા કરવી.

2. N.P.V. સંજ્ઞા સમજાવો.

જવાબ: N.P.V. એ Net Present value નું ટૂંકાક્ષરી નામ છે જેનો અર્થ થાય છે ચોખ્ખુ વર્તમાન મૂલ્ય.

3. ધિરાણ અંગેના નિર્ણયને અસર કરતાં આંતરીક પરિબળો જણાવો.

જવાબ: ધંધાનો પ્રકાર કે સ્વરૂપ,ધંધાનું કદ,ધંધાનો વિકાસ,નાણાકીય જરૂરિયાત,મિલકતોનું સ્વરૂપ અને જરૂરિયાત,સંચાલકોનું વલણ વગેરે.

4. ધિરાણ અંગેના નિર્ણયને અસર કરતાં બાહ્ય પરિબળો જણાવો.

જવાબ: મૂડી બજારની પરિસ્થિતી,જામીનગીરીઓ બહાર પાડવાનો ખર્ચ,રોકાણકારોનું વલણ,બજારમાં પ્રર્વતમાન વ્યાજનો દર,કાયદાકીય નિયંત્રણો,સંસ્થાકીય નિર્ણયો વેગેર.

5. ઈષ્ટતમ મૂડી માળખું એટલે શું?

જવાબ: ઈક્વિટી મૂડી અને દેવાનું યોગ્ય પ્રમાણ ધરાવતા મૂડીમાળખાને ઈષ્ટતમ મૂડી માળખું કહે છે.

6. તરલતા એટલે શું?

જવાબ: બધી જ ચાલુ મિલકતો કે જેમાં કાર્યશીલ મૂડી રોકાયેલી છે તેનુ સરળતાથી રોકડમાં રૂપાંતર કરવાની પ્રકિયા ને મિલકતની તરલતા કહે છે.

7. સંચાલકીય કામગીરીની કાર્યક્ષમતા એટલે શું?

જવાબ: ઓછા પ્રયત્ને વધારે પરિણામો મેળવવા એટલે સંચાલકીય કામગીરીની કાર્યક્ષમતા.

8. શ્રમપ્રધાન ઉદ્યોગોમાં કઈ મૂડીની વધારે જરૂરિયાત રહે છે?

જવાબ: શ્રમપ્રધાન ઉદ્યોગોમાં કાર્યશીલ મૂડીની વધારે જરૂરિયાત રહે છે.

9. કાયમી મૂડીના ઘટકો જણાવો.

જવાબ: કાયમી મૂડીના ઘટકો જેવા કે જમીન,મકાન,યંત્ર,પ્લાન્ટ,ફર્નિચર વગેરે છે.

10.કાયમી મૂડીના પ્રાપ્તિસ્થાનો જણાવો.

જવાબ: કાયમી મૂડીના પ્રાપ્તિસ્થાનોમાં ધંધાના સ્થાપકો,ધંધાના માલિકો,વિવિધ પ્રકારની જામીનગીરીઓ,નાણાકીય સંસ્થાઓ અને નફાનું પુનઃરોકાણ વગેરે છે.

11.કયા ઔદ્યોગિક એકમોને વિશાળ પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.

જવાબ: ઔદ્યોગિક પ્રવૃત્તિ કરતાં ઔદ્યોગિક અકમો જેવા કે વહાણવટો ઉદ્યોગ,લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ,ખનિજ ઉદ્યોગ વગેરેને વિશાળ પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.

12.ઉત્પાદન ચક્ર એટલે શું?

જવાબ: કાચા માલની ખરીદી અને તૈયાર માલનું ઉત્પાદન થાય તે બે વચ્ચેનો સમયગાળો એટલે ઉત્પાદનચક્ર.

13.મૂડી માળખુ શાનું મિશ્રણ છે?

જવાબ: મૂડી માળખું એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે.

14.નફાના મહત્તમીકરણના અભિગમ કરતાં કયો અભિગમ ચઢિયાતો છે?

જવાબ: નફાના મહત્તમીકરણના અભિગમ કરતાં સંપત્તિના મહત્તમીકરણનો અભિગમ ચઢિયાતો છે.

15.નકારાત્મક કાર્યશીલ મૂડી એટલે શું?

જવાબ: ચાલુ મિલકતો કરતાં ચાલુ જવાબદારીઓનો વધારો હોય તો તેને નકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.

16.હકારાત્મક કાર્યશીલ મૂડી એટલે શું?

જવાબ: ચાલુ જવાબદારીઓ કરતાં ચાલુ મિલકતોનો વધારો હોય તો તેને હકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.

17.મૂડિ માળખું એટલે શું?

જવાબ: મૂડિ માળખું એટલે કંપનીએ તેની જરૂરી મૂડી ઉભી કરવા માટે ઉપયોગમાં લીધેલા જુદા જુદા પ્રાપ્તિસ્થાનોનું મિશ્રણ.

18.કુલ કાર્યશીલ મૂડી એટલે શું?

જવાબ: ચાલુ મિલકતોનો સરવાળો એટલે કુલ કાર્યશીલ મૂડી.

19.મૂડી માળખાની યોજના કેવી હોવી જોઈએ?

જવાબ: કંપનીનો નફો ઈષ્ટતમ રહે તે રીતે મૂડી માળખાની યોજના હોવી જોઈએ.

20.કંપની માટે નાણાં પ્રાપ્તિનું મહત્વનું આંતરીક પ્રાપ્તિ સ્થાન કયું છે?

જવાબ: ધંધામાં રાખી મૂકેલ કમાણી (નફાનું પુનઃરોકાણ)કંપની માટે નાણાં પ્રાપ્તિનું મહત્વનું આંતરીક પ્રાપ્તિ સ્થાન કયું છે?

21.નાણાકીય યોજનાના મહત્વના બે પાસાં જણાવો.

જવાબ: નાણાકીય યોજનાના મહત્વના બે પાસાં (૧) મૂડીની જરૂરિયાતનો અંદાજ (મૂડીકરણનો પ્રશ્ન) અને (૨) મૂડીના પ્રાપ્તિસ્થાનો નક્કી કરવા (મૂડી માળખાનો પ્રશ્ન)

22.શેની ચૂકવણી કંપનીનીના શેરના બજાર મૂલ્યને અસર કરે છે?

જવાબ: ડિવિડન્ડની ચૂકવણી કંપનીનીના શેરના બજાર મૂલ્યને અસર કરે છે.

23.નાણાકીય સંચાલન દ્વારા કયો અંદાજ મેળવવામાં આવે છે?

જવાબ: નિશ્ચિત સમય દરમિયાન ધંધા માટે લાંબાગાળાની અને ટૂંકાગાળાની મૂડીની કેટલી જરૂરિયાત રહેશે તેનો અંદાજ નાણાકીય સંચાલન મેળવે છે.

24.ડિવિડન્ડ ચૂકવણીનો આધાર શેના પર રહેલો છે?

જવાબ: ડિવિડન્ડ ચૂકવણીનો આધાર પ્રાપ્ય રોકડ પર રહેલો છે.

25.ડિવિડન્ડ એટલે શું?

જવાબ: ડિવિડન્ડ એ કંપનીના નફાનો ભાગ છે જે તેના શેરહોલ્ડરો વચ્ચે વહેંચવામાં આવે છે.

26.મૂડી બજેટીંગની પદ્ધતિઓ જણાવો.

જવાબ: મૂડી બજેટીંગની વિવિધ પદ્ધતિઓ જેવી કે પરત-આપ પદ્ધતિ ,વળતર દરની પદ્ધતિ,વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિ વગેરે.

27.રોકાણ અંગેના નિર્ણયનું મૂલ્યાંકન કોના સંદર્ભમાં થવુ જોઈએ?

જવાબ: રોકાણ અંગેના નિર્ણયોનું મૂલ્યાંકન અપેક્ષિત વળતર અને જોખમના સંદર્ભમાં થવુ જાઈએ.

28.મૂડી બજેટીંગ એટલે શું?

જવાબ: નાણાકીય સંચાલનમાં રોકાણ અંગેના નિર્ણયને મૂડીબજેટીંગ કહે છે.

29.નાણાકીય સંચાલનમાં મહત્વના કયા ત્રણ પ્રશ્નો અંગે નિર્ણયો લેવાના હોય છે?

જવાબ: નાણાકીય સંચાલનમાં મહત્વના (૧) રોકાણ સંબંધિત નિર્ણયો (૨) ધિરાણ સંબંધિત નિર્ણયો અને (૩) ડિવિડન્ડ સંબંધિત નિર્ણયો ત્રણ પ્રશ્નો અંગે નિર્ણયો લેવાના હોય છે.

30.ચાલુ મિલકતોમાં કોનો કોનો સમાવેશ થાય છે?

જવાબ: ચાલુ મિલકતોમાં રોકડ,દેવાદારો,માલસામગ્રી,વેચાણપાત્ર જામીનગીરીઓ,બેન્ક સિલક વગેરેનો સમાવેશ થાય છે.

31.સંપત્તિનું ચોખ્ખુ વર્તમાન મૂલ્યની વ્યાખ્યા આપો.

જવાબ: સંપત્તિના વર્તમાન મૂલ્ય અને જરૂરી મૂડીરોકાણ વચ્ચેનો તફાવત એટલે સંપત્તિનું ચોખ્ખુ વર્તમાન મૂલ્ય.

32.નાણાકીય સંચાલનના બે લક્ષણ જણાવો.

જવાબ: (૧) સંચાલનની શાખા અને (૨) વિશાળ કાર્યક્ષેત્ર

33. નાણાકીય સંચાલન સંચાલનના કયા કયા વિસ્તારો સાથે સંબંધ ધરાવે છે.

જવાબ: નાણાકીય સંચાલન એ સંચાલનના જુદા જુદા વિસ્તારો જેવા કે ઉત્પાદન સંચાલન,નાણાકીય સંચાલન,બજાર સંચાલન,કર્મચારી સંચાલન વગેરે સાથે સંબંધ ધરાવે છે.

34.કયા નિર્ણયો નાણાકીય સંચાલન ઉપર આધાર રાખે છે?

જવાબ: ઉત્પાદન,વેચાણ,સંશોધન અને વિકાસ વગેરે અંગેના નિર્ણયો નાણાકીય સંચાલન ઉપર આધાર રાખે છે.

35.નાણાકીય સંચાલન કયા નાણાકીય નિર્ણયો લેવા સાથે સંબંધ ધરાવે છે?

જવાબ: નાણાકીય સંચાલન રોકાણ,મૂડી માળખું અને ડિવિડન્ડ નીતિ અંગેના નિર્ણયો સાથે સંબંધ ધરાવે છે.

36. માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હેતુ સિદ્ધ કરવા માટે નાણાકીય સંચાલન કયા અભિગમો અપનાવે છે?

જવાબ: માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હેતુ સિદ્ધ કરવા માટે નાણાકીય સંચાલન મુખ્ય બે અભિગમો અપનાવે છે.
(૧) નફાના મહત્તમીકરણનો હેતુ અને (૨) સંપત્તિના મહત્તમીકરણનો હેતુ

37. નાણાકીય સંચાલનનો કયો હેતુ સ્વીકાર્ય ગણવામાં આવે છે?

જવાબ: નાણાકીય સંચાલનનો સંપત્તિના મહત્તમીકરણનો હેતુ સ્વીકાર્ય ગણવામાં આવે છે.

38. મૂડી માળખું શાનું બનેલું હોય છે?

જવાબ: મૂડી માળખું એ (૧) ઈક્વિટી શેરનુ (૨) ઈક્વિટી શેર અને પ્રેફરન્સ શેરનું (૩) ઈક્વિટી શેર અને ડિબેન્ચરનું (૪) ઈક્વિટી શેર,પ્રેફરન્સ શેર અને દેવાનું બનેલુ હોય છે.

39. શેરહોલ્ડરોને ડિવિડન્ડ કયા સ્વરૂપે ચૂકવી શકાય ?

જવાબ: શેરહોલ્ડરોને ડિવિડન્ડ માત્ર રોકડ સ્વરૂપે ચૂકવી શકાય.

40. જામીનગીરીઓ બહાર પાડી મૂડીભંડોળ મેળવતી કંપનીએ કયા પ્રકારના શેર બહાર પાડવા જ પડે છે?March 2019

જવાબ: જામીનગીરીઓ બહાર પાડી મૂડીભંડોળ મેળવતી કંપનીએ ઈક્વિટી શેર બહાર પાડવા જ પડે છે.

41. જે કંપનીનો ધંધો જોખમી હોય અને ધંધાની કમાણી અનિશ્ચિત હોય તેવી કંપની માટે કયું મૂડી માળખું અનુકૂળ ગણાય?

જવાબ: જે કંપનીનો ધંધો જોખમી હોય અને ધંધાની કમાણી અનિશ્ચિત હોય તેવી કંપની માટે ઈષ્ટતમ મૂડી માળખું અનુકૂળ ગણાય.

42. વિદેશી રોકાણ સંસ્થાએ કોની સમક્ષ તેની નોંધણી કરાવવી પડે છે?

જવાબ: વિદેશી રોકાણ સંસ્થાએ સેબી સમક્ષ તેની નોંધણી કરાવવી પડે છે.

43. કાર્યશીલ મૂડીના ઘટકો કયા છે?

જવાબ: કાર્યશીલ મૂડીના ઘટકો જેવા કે કાચો માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણીહૂંડી વગેરે છે.

44. 🔒 કાર્યશીલ મૂડી જેમાં રોકાયેલી છે તે મિલકતો ઉપર ઘસારો શા માટે ગણાતો નથી?

જવાબ: ધંધામાં ફરતી કાર્યશીલ મૂડી અને તેનુ સ્વરૂપ સતત બદલાતું હોવાથી તેના પર ઘસારો ગણાતો નથી.

45. 🔒 કઈ જામીનગીરી બહાર પાડવાનો ખર્ચ પ્રમાણમાં ઓછો આવે છે? March 2020

ડિબેન્ચર જેવી જામીનગીરી બહાર પાડવાનો ખર્ચ પ્રમાણમાં ઓછો આવે છે.

વિભાગ : C

નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.(પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૨ ગુણ) 🔒 નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.

1. સંસ્થાકીય રોકાણકારો એકમના મૂડી માળખાને અસર કરતું બાહ્ય પરિબળ છે - વિધાન સમજાવો.

- વીમા કંપનીઓ,બેન્કો,રાજય અને કેન્દ્ર સકરારના નાણાં કોર્પોરેશન નાણાકીય સંસ્થાઓ વગેરે તેમના સ્થાપિત નિયમો અને શરતોને આધિન રહી કંપનીઓના શેર અને ડિબેન્ચરમાં રોકાણ કરે છે.
- મૂડી માળખાની રચના કરતી વખતે કે મૂડી માળખાની રચનામાં ફેરફાર કરતી વખતે આ બધી સંસ્થાઓના વલણો અને શરતો વિચારણા કરવામાં આવે છે.
- તેથી કહી શકાય કે સંસ્થાકીય રોકાણકારો પણ મૂડી માળખાને અસર કરનાર બાહ્ય પરિબળ છે.

2. એકમનું કદ કાયમી મૂડીની જરૂરિયાત કેવી રીતે નક્કી કરે છે? જણાવો.

- નાના કદના એકમોને મોટા કદના ઔદ્યોગિક એકમો કરતાં પ્રમાણમાં ઓછી કાયમી મૂડીની જરૂર રહે છે.
- ગૃહ ઉદ્યોગોને ખાંડ ઉદ્યોગ કે સુતરાઉ કાપડ ઉદ્યોગ કરતાં ઓછી કાયમી મૂડીની જરૂર પડે છે.
- જયારે વાહનોનું ઉત્પાદન કરતાં એકમોનું કદ મોટુ હોવાથી વધારે પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.

3. નાણાકીય સંચાલન વિશાળ કાર્યક્ષેત્ર ધરાવે છે-સમજાવો.

- નાણાકીય સંચાલનનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે કે જેમાં નાણાની જરૂરિયાતનુ અનુમાન પ્રાપ્તિ,મહત્તમ ઉપયોગ,યોગ્ય ફાળવણી અને તેના આયોજન તથા અંકુશનો સમાવેશ થાય છે.
- ધંધાની શરૂઆતથી તેના અંત સુધીના બધાં જ નાણાકીય કાર્યોનો સમાવેશ થાય છે.
- આમ નાણાકીય સંચાલનનું ક્ષેત્ર એટલુ વિશાળ છે કે જેમાં ધંધાની શરૂઆતથી તેના વિસ્તરણ અને અંત સુધીના ધંધાના બધાં જ નાણાકીય નિર્ણયોને આવરી લેવાય છે.

4. નાણાકીય સંચાલન અન્ય સંચાલન વિસ્તારો સાથે સંબંધ ધરાવે છે-સમજાવો.

- ધંધાની મોટાભાગની પ્રવૃત્તિઓ જેવી કે ઉત્પાદન,વેચાણ,બજાર સંશોધન નાણાં સાથે સંકળાયેલી હોય છે.
- નાણાકીય સંચાલનમાં પૂરતા પ્રમાણમાં ભંડોળ હશે તો ઉત્પાદન નીતિ,વેચાણ નીતિ વગેરેના ઘડતરમાં વધારે પરિવર્તન રહેશે.
- આ અર્થમાં નાણાકીય સંચાલન એ સંચાલનના જુદા જુદા વિસ્તારો જેવા કે ઉત્પાદન સંચાલન,બજાર સંચાલન,કર્મચારી સંચાલન સાથે સંબંધ ધરાવે છે.

5. 🔒 માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હેતુ એટલે શું?

- નાણાકીય સંચાલનનો હેતુ માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હોવો જોઈએ એવુ સુચન કરે છે.જે અનુસાર નાણાકીય સંચાલન નાણાકીય સાધનોના ઉપયોગ દ્વારા 'માલિકના આર્થિક મહત્તમીકરણનો' હેતુ રાખે છે કે જેઓ કંપનીના શેર હોલ્ડરો છે.જેના માટે મુખ્ય બે અભિગમો છે.

  (૧) નફાના મહત્તમીકરણનો હેતુ અને (૨) સંપત્તિના મહત્તમીકરણનો હેતુ

6. 🔒 રોકાણ અંગેના નિર્ણયને અસર કરતાં પરિબળો કયા છે?

- કુલ મૂડીની જરૂરિયાત
- રોકાણમાંથી ભવિષ્યમાં મળવાપાત્ર અંદાજીત વળતરનો દર અને નફાકારકતા
- રોકાણમાંથી મળવાપાત્ર અંદાજીત ચોખ્ખો રોકડ પ્રવાહ
- રોકાણમાં જોખમનું તત્વ
- રોકાણ કર્યા પછી કાર્યશીલ મૂડીની જરૂરિયાત

- રોકાણની આર્થિક ઉપયોગીતા અને તેનુ અંદાજીત આયુષ્ય
- રોકાણનું મહત્વ
- મૂડીની માપબંધી
- ભવિષ્યમાં કમાણીની નિશ્ચિતતા કે અનિશ્ચિતતા

7. મૂડી માળખું એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે-સમજાવો.

- મૂડી માળખું એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે.
- નાણાકીય સંચાલને મૂડી માળખામાં ઈક્વિટી મૂડી અને દેવાનું પ્રમાણ કેટલુ રાખવુ તે અંગે નિર્ણયો લેવાનો હોય છે.
- મૂડી માળખામાં ઈક્વિટી મૂડી અને દેવા વચ્ચે સમતુલા જરૂરી છે.
- આવુ મૂડી માળખુ ઓછુ જોખમી અને મહત્તમ વળતર આપે છે તેથી કહી શકાય કે મૂડી માળખું એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે.

8. ઈષ્ટતમ મૂડી માળખું એટલે શું? March 2020

- ઈક્વિટી મૂડી અને દેવાનું યોગ્ય પ્રમાણ ધરાવતા મૂડિ માળખાને ઈષ્ટતમ માળખુ કહે છે.
- મૂડી માળખામાં ઈક્વિટી મૂડી અને દેવા વચ્ચે સમતુલા જરૂરી છે.જે ઈષ્ટતમ મૂડી માળખા દ્વારા શક્ય બને છે.
- ઈષ્ટતમ મૂડી માળખુ ઓછુ જોખમી અને મહત્તમ વળતર આપે છે.

9. કાર્યશીલ મૂડી એટલે ધંધામાં ચક્રાકાર ફરતી મૂડી-સમજાવો.

- કાર્યશીલ મૂડી એટલે ચાલુ મિલકતો જેવી કે લેણીહૂંડી,દેવાદારો,ટૂંકાગાળાની વેચાણપાત્ર જામીનગીરીઓ,બેંક સિલક,રોકડ વગેરેનો સમાવેશ થાય છે.
- એકમનાં રોજબરોજના ખર્ચાઓ ચૂકવવા માટે કાર્યશીલ મૂડીની વિશેષ જરૂરિયાત રહે છે.
- ધંધાકીય એકમની ટૂંકાગાળાની આર્થિક પ્રવૃત્તિઓ સતત જીવંત રાખવા માટે કાર્યશીલ મૂડી અતિ આવશ્યક છે.
- કાર્યશીલ મૂડીને જીવનરક્ત પણ કહે છે.
- કાર્યશીલ મૂડી ધંધામાં સતત રીતે ચક્કાર ફરતી રહે છે,તેનુ સ્વરૂપ બદલાયા કરે છે,તેની જરૂરિયાત બદલાયા કરે છે તેથી કહી શકાય કે કાર્યશીલ મૂડી એટલે ધંધામાં ચક્રાકાર ફરતી મૂડી.

10.ખ્યાલ સમજાવો.: હકારાત્મક કાર્યશીલ મૂડી અને નકારાત્મક કાર્યશીલ મૂડી

- હકારાત્મક કાર્યશીલ મૂડી
  જયારે ચાલુ જવાબદારીઓ કરતાં ચાલુ મિલકતોનો વધારો હોય તો તેને હકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.
- નકારાત્મક કાર્યશીલ મૂડી
  જયારે ચાલુ મિલકતો કરતાં ચાલુ જવાબદારીઓનો વધારો હોય તો તેને નકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.

11. ઉત્પાદન ચક્ર એટલે શું?

- કાચા માલની ખરીદી અને તૈયાર માલનું ઉત્પાદન થાય તે બે વચ્ચેનો સમયગાળો એટલે ઉત્પાદન ચક્ર.
- ઉત્પાદન ચક્રનો ગાળો લાંબો હોય તો કાચા માલ અને અર્ધતૈયાર માલમાં કાર્યશીલ મૂડી રોકાયેલી હોવાથી તેની જરૂરિયાત વધુ રહે છે.દા.ત.સુતરાઉ કાપડ અને શણ ઉદ્યોગમાં ઉત્પાદન ચક્રનો ગાળો લાંબો હોવાથી વધુ કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.
- જયારે બેકરી અને ડેરી ઉદ્યોગને ઉત્પાદન પ્રક્રિયાનો સમયગાળો ટૂંકો હોવાથી પ્રમાણમાં ઓછી કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.

12. તફાવત લખો : કુલ કાર્યશીલ મૂડી અને ચોખ્ખી કાર્યશીલ મૂડી March 2019

જવાબ:

મુદ્દા	કુલ કાર્યશીલ મૂડી	ચોખ્ખી કાર્યશીલ મૂડી
ખ્યાલ	ધંધાની ચાલુ મિલકતો જવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હૂંડી,ટૂંકાગાળાની જામીનગીરીઓ વગેરેમાં કુલ રોકાણનો સરવાળો એટલે કુલ કાર્યશીલ મૂડી.	ચાલુ મિલકતો બાદ ચાલુ જવાબદારીઓ એટલે ચોખ્ખી કાર્યશીલ મૂડી
તરલતાની સ્થિતી	આ ખ્યાલ કંપનીની તરલતાની સ્થિતી દર્શાવતો નથી.	આ ખ્યાલ કંપનીની તરલતાની સ્થિતી

		દર્શાવતો છે.
સાચી પરિસ્થિતીનો ખ્યાલ	કંપનીની સાચી નાણાકીય પરિસ્થિતીનો ખ્યાલ આપતો નથી.	કંપનીની સાચી નાણાકીય પરિસ્થિતીનો ખ્યાલ આપતો નથી.
વધારો/ઘટાડો	ચાલુ જવાબદારીઓમાં વધારો કુલ કાર્યશીલ મૂડીમાં વધારો કરે છે.	ચાલુ જવાબદારીમાં વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં ઘટાડો કરે છે.
સુત્ર	કુલ કાર્યશીલ મૂડી = કુલ ચાલુ મિલકતા	ચોખ્ખી કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો -ચાલુ જવાબદારીઓ

વિભાગ : D

નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.(પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૩ ગુણ) 🔒 નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.

1. કાર્યશીલ મૂડીની લાક્ષણિકતાઓ સમજાવો. March 2019

- **ટૂંકા ગાળાની મૂડી :**

કાર્યશીલ મૂડી સામાન્ય રીતે અલ્પ કે ટુંકા ગાળા માટે ઉભી કરવામાં આવે છે એટલે કે આ મૂડી ટૂંકાગાળાની છે.

- **ચાલુ મિલકતોમાં રોકાણ :**

કાર્યશીલ મૂડીમાં દેવાદારો,લેણીહૂંડીઓ,ટૂંકાગાળાની જામીનગીરીઓમાં રોકાણ વગેરેનો સમાવેશ ચાલુ મિલકતોમા થાય છે.

- **તરલતા:**

તરલતા એ કાર્યશીલ મૂડીનુ પાયાનું લક્ષણ છે.બધી જ ચાલુ મિલકતો કે જેમાં કાર્યશીલ મૂડી રોકાયેલી છે તેનુ સરળતાથી રોકડમાં રૂપાંતર થાય છે.

- **ઓછુ જોખમ :**

કાર્યશીલ મૂડી ધંધામાં ફરતી,ટૂંકા ગાળા માટેની અને સરળતાથી રોકડમાં રૂપાંતર પામતી મૂડી છે તેથી જોખમનું તત્વ ઓછું છે.

- **બદલાતુ સ્વરૂપ :**

જે ચાલુ મિલકતોમાં કાર્યશીલ મૂડીનું રોકાણ થયું છે તેનું સ્વરૂપ સતત બદલાતું રહે છે.દા.ત. કાચા માલનું અર્ધતૈયાર માલમાં,અર્ધ તૈયાર માલનું તૈયાર માલમાં અને તૈયાર માલનુ શાખ પચ વેચાણ થાય તો દેવાદારોમાં અને રોકડેથી વેચાણ થાય તો રોકડમાં રૂપાંતર થાય છે.

- **રોજબરોજના ખર્ચા ચૂકવવા :**

રોજબરોજના ખર્ચા ચૂકવવા માટે કાર્યશીલ મૂડીની સતત જરૂર રહે છે.

- **ઘસારો નહિ :**

ધંધામાં ફરતી મૂડી અને તેનુ સ્વરૂપ સતત બદલાતું હોવાથી ઘસારો ગણાતો નથી.

- **ધંધાના પ્રકાર અને સ્વરૂપ પ્રમાણે જરૂરિયાત :**

કાર્યશીલ મૂડીની જરૂરિયાત ધંધાના પ્રકાર અને સ્વરૂપ પર આધાર રાખે છે.આથી દરેક ધંધામાં તેનુ પ્રમાણ જુદુ રહે છે.

2. 🔒 નાણાકીય સંચાલનની વિવિધ વ્યાખ્યાઓ દ્વારા નાણાકીય સંચાલનનો ખ્યાલ સમજાવો.

નાણાકીય સંચાલનનો ખ્યાલ :

- સરળ અર્થમાં કહીએ તો નાણાંનુ સંચાલન કરવુ એટલે નાણાકીય સંચાલન.
- વ્યવહારમાં નાણાં કાર્યોનું સંચાલન કરવું એટલે નાણાકીય સંચાલન.ધંધાની બધી જ નાણાકીય પ્રવૃત્તિઓના પાસાંનો સમાવેશ નાણાકીય સંચાલનમાં થાય છે.નાણાકીય સંચાલન નાણાકીય બાબતોને લગતાં નિર્ણયો લે છે અને તેનો અમલ કરે છે.

નાણાકીય સંચાલનની વ્યાખ્યાઓ :

- નાણાનો ઉપયોગ પર આધારીત આધુનિક અર્થતંત્રમાં નાણાકીય સંચાલન એટલે જરૂર પડે ત્યારે નાણાં મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા કરવી.
- નાણાકીય સંચાલન એટલે નાણાકીય બાબતો અંગે નિર્ણયો લેવા,તેનો અમલ સરળ બનાવવા જરૂરી પગલાં લેવા અને તેની આલોચના કરવી.

- બીજા શબ્દોમાં કહીએ તો,નાણાકીય સંચાલન એટલે ભંડોળ મેળવવું,તેનો ઈષ્ટતમ ઉપયોગ કરવો તથા તેની યોગ્ય ફાળવણી કરવી.

3. નાણાકીય સંચાલનના હેતુઓ સમજાવો.March 2020

નાણાકીય સંચાલનનો હેતુ માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હોવો જોઈએ એવુ સુચન કરે છે.જે અનુસાર નાણાકીય સંચાલન નાણાકીય સાધનોના ઉપયોગ દ્વારા 'માલિકના આર્થિક મહત્તમીકરણનો' હેતુ રાખે છે કે જેઓ કંપનીના શેર હોલ્ડરો છે.જેના માટે મુખ્ય બે અભિગમો છે.

(૧) નફાના મહત્તમીકરણનો હેતુ અને (૨) સંપત્તિના મહત્તમીકરણનો હેતુ

(૧) નફાના મહત્તમીકરણનો હેતુ :

- નફાનું મહત્તમીકરણ એટલે કંપનીની આવક મહત્તમ કરવી.
- કંપનીમાં રોકાણ કરનારાઓ મહત્તમ ડિવિડન્ડ મેળવવાની આશાએ કંપનીના શેર ખરીદે છે.
- આ અભિગમ અનુસાર કંપનીએ તેના પ્રાપ્ય સાધનો દ્વારા મહત્તમ નફો કમાવો જોઈએ અને ડિવિડન્ડ નીતિ નફાના મહત્તમીકરણ ઉપર આધારીત હોવી જોઈએ.
- આ સિદ્ધાંત વધુમાં સુચવે છે કે કંપનીએ માત્ર નફાકારક પ્રોજેક્ટ સ્વીકારવા જોઈએ.નફાના મહત્તમીકરણના હેતુ દ્વારા કંપની શેરદીઠ કમાણી વધારી શકે છે.

(૨) સંપત્તિના મહત્તમીકરણનો હેતુ :

- સંપત્તિના મહત્તમીકરણનો હેતુ ની પ્રો રોબર્ટ સી.સોલોમન દ્વારા તરફેણ કરવામાં આવી હતી.
- નાણાકીય નિર્ણયો લૈવા માટે સંપત્તિના મહત્તમીકરણનો હેતુ યોગ્ય અને સાર્વત્રીક રીતે સ્વીકાર્ય બન્યો છે.
- સંપત્તિના મહત્તમીકરણનો હેતુ ચોખ્ખા વર્તમાન મૂલ્ય તરીકે પણ ઓળખાય છે.
- ચોખ્ખુ વર્તમાન મૂલ્ય શેરહોલ્ડરોની સંપત્તિનું સર્જન કરે છે.
- આથી સંપત્તિના ચોખ્ખા વર્તમાન મૂલ્યમાં વધારો કરે તેવા નાણાકીય નિર્ણયો જ કંપનીએ સ્વીકારવા જોઈએ.
- સંપત્તિના મહત્તમીકરણનું ધોરણ રોકડ પ્રવાહના ખ્યાલ ઉપર આધારીત છે.
- માત્ર આ અભિગમમાં રોકડ પ્રવાહને માપદંડ તરીકે ગણવામાં આવે છે અને હિસાબી નફાને અવગણવામાં આવે છે.

4. નોંધ લખો :

(૧) રોકાણ સંબંધિત નિર્ણયો :

- ધંધાની કાયમી મિલકતોમાં લાંબા ગાળા માટે કાયમી મૂડીનું રોકાણ થાય છે.
- જે કાયમી મિલકતોમાં ભવિષ્યમાં મૂડી ભંડોળનું રોકાણ કરવાનું છે તે મિલકતોની પસંદગી અને તેમાં રોકાણ અંગે નિર્ણયો નાણાકીય સંચાલકે લેવા પડે છે.
- રોકાણ અંગેના નિર્ણયોને મૂડી બજેટીંગ કહે છે.
- રોકાણ અંગેના નિર્ણયોમાં જોખમનું તત્વ રહેલું છે.આથી રોકાણ અંગેના નિર્ણયોનું મૂલ્યાંકન અપેક્ષિત વળતર અને જોખમના સંદર્ભમાં થવુ જોઈએ.જયારે નાણાકીય સંચાલક પાસે નાણાનું રોકાણ કરવા માટે એક કરતાં વધુ વિકલ્પો હોય ત્યારે કાયમી મિલકતોમાં રોકાણ અંગેના નિર્ણયો લેવામાં મૂડી બજેટીંગની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.
- મૂડી બજેટીંગની વિવિધ પદ્ધતિઓ જેવી કે પરત-આપ પદ્ધતિ ,વળતર દરની પદ્ધતિ,વટાવેલ રોકડ પ્રવાહની પદ્ધતિ વગેરે.

(૨) ડિવિડન્ડ સંબંધિત નિર્ણયો :

- ડિવિડન્ડ એ કંપનીના નફાનો ભાગ છે.જે તેના શેર હોલ્ડરો વચ્ચે વંહેચવામાં આવે છે.
- ડિવિડન્ડ એ શેરહોલ્ડરોને તેમના રોકાણ ઉપર મળતું વળતર છે.
- કંપનીધારા પ્રમાણે ડિવિડન્ડ માત્ર રોકડમાં જ ચૂકવી શકાય છે.
- શેરની ભરપાઈ થયેલી મૂડી પર નિશ્ચિત દરે ડિવિડન્ડ ચૂકવાય છે.
- ડિવિડન્ડની ચૂકવણીનો આધાર પ્રાપ્ય રોકડ ઉપર છે.
- નાણાકીય સંચાલકે નક્કી કરવાનું હોય છે કે નફાનો કેટલો ભાગ ડિવિડન્ડ તરીકે વંહેચવો અને નફાનો કેટલો ભાગ ધંધામાં રાખવો.ધંધામાં રાખી મૂકેલ કમાણી કંપની માટે નાણાં પ્રાપ્તિનું મહત્વનુ આંતરીક પ્રાપ્તિ સ્થાન છે.
- ડિવિડન્ડની ચૂકવણી કંપનીના શેર બજાર મૂલ્યને અસર કરે છે.

- નફાનો મોટો ભાગ ડિવિડન્ડ તરીકે વંહેચવામાં આવે તો નફાનું પુમઃરોકાણ ઘટે છે.બીજી બાજુ,નફાના મોટાભાગનું પુનઃરોકાણ થાય તો ડિવિડન્ડ માટે ઓછી રકમ રહે છે.

5. ડિવિડન્ડ અંગેના નિર્ણયને અસર કરતાં પરિબળો જણાવો.

ડિવિડન્ડ એ કંપનીના નફાનો ભાગ છે.જે તેના શેર હોલ્ડરો વચ્ચે વંહેચવામાં આવે છે.ડિવિડન્ડ એ શેરહોલ્ડરોને તેમના રોકાણ ઉપર મળતું વળતર છે.જેની ચૂકવણી માટે નીચેના પરિબળો ધ્યાનમાં રાખવામાં આવે છે.

- ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કંપનીનો વહેંચણીપાત્ર નફો,
- ભવિષ્યમાં કમાણીનો અંદાજ
- પાછલા વર્ષો દરમિયાન કંપનીએ ચૂકવેલ ડિવિડન્ડનો દર
- ધંધામા નફાના પુનઃરોકાણની જરૂરિયાત
- કંપનીની વર્તમાન સમયમાં નાણાકીય પરિસ્થિતી અને નાણાકીય જરૂરિયાતો
- કંપની પાસે અનામતોનું પ્રમાણ
- ભવિષ્યમાં નફાકારક રોકાણનું આયોજન
- કંપનીના સંચાલકોનું વલણ
- કરવેરાની નીતિ
- ધારાકીય નિયંત્રણો
- કંપનીના શેરહોલ્ડરોની અપેક્ષા
- મૂડી બજારની પરિસ્થિતિ
- કંપનીનો વિકાસદર
- કંપનીની તરલતાની પરિસ્થિતી.

6. મૂડી માળખાને અસર કરતાં પરિબળો ચાર્ટ દોરી સ્પષ્ટ કરો. March 2019

મૂડીમાળખું એટલે કંપનીએ તેની જરૂરી મૂડી ઉભી કરવા માટે ઉપયોગમાં લીધેલા જુદાં જુદાં પ્રાપ્તિસ્થાનોનું મિશ્રણ. આ મૂડી માળખાને અસરકરતાં પરિબળો મુખ્યત્વે બે ભાગમાં વંહેચવામાં આવે છે.

મડી માળખાને અસર કરતાં પરિબળો

આંતરિક પરિબળો	**બાહ્ય પરિબળો**
• ધંધાનો પ્રકાર	• મૂડી બજારમાં તેજી-મંદીની પરિસ્થિતી
• ધંધાનું કદ	• મૂડી બજારમાં પ્રવર્તમાન વ્યાજનો દર
• ધંધાની કમાણીના અંદાજો	• મૂડી પડતર-જામીનગીરીનો બહાર પાડવાનો ખર્ચ
• મિલકતોનું સ્વરૂપ અને જરૂરિયાત	• કાનુની નિયંત્રણો
• સંચાલકોનું વલણ	• કરવેરાની નીતિ
• નાણાકીય જરૂરિયાતો	• સંસ્થાકીય રોકાણકારો
• મૂડીની જરૂરિયાતનો સમય	• વિદેશી સંસ્થાકીય રોકાણકારો

7. કાર્યશીલ મૂડીને અસર કરતાં પરિબળો જણાવો.

ચાલુ મિલકતો જેવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હુંડી વેગેરેમાં રોકાયેલી મૂડીને કાર્યશીલ મૂડી કહે છે. કાર્યશીલ મૂડીને અસર કરતાં પરિબળો નીચે પ્રમાણે છે.

- **ધંધાનો પ્રકાર અને સ્વરૂપ :**
  કાર્યશીલ મૂડીની જરૂરિયાત ધંધાના પ્રકાર અને સ્વરૂપ પર આધાર રાખે છે.દા.ત. જે વેપારી એકમોને મોટા પ્રમાણમાં માલનો સ્ટોક રાખવો પડતો હોય અને શાખ પર વેચાણ કરવું પડતુ હોય તેમને કાર્યશીલ મૂડીની વધુ જરૂર પડે છે.ઉદ્યોગના સ્વરૂપ પ્રમાણે કાર્યશીલ મૂડીનું પ્રમાણ બદલાતું રહે છે.દા.ત.ગેસ કંપની,વિદ્યુત કંપનીને ઓછી કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.જયારે શ્રમપ્રધાન ઉદ્યોગમાં કાર્યશીલ મૂડીની વધુ જરૂર રહે છે.
  ધંધાનું કદ :જેમ ધંધાનું કદ નાનું તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઓછી રહે છે.અને જેમ ધંધાનું કદ અને વ્યાપ વધારો થાય તેમ કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધારે રહે છે.
- **ઉત્પાદન ચક્ર :**
  કાચા માલની ખરીદી અને તૈયાર માલનું ઉત્પાદન થાય તે બે વચ્ચેનો સમયગાળો એટલે ઉત્પાદન ચક્ર.ઉત્પાદન ચક્રનો ગાળો લાંબો હોય તો કાચા માલ અને અર્ધતૈયાર માલમાં કાર્યશીલ મૂડી રોકાયેલી હોવાથી તેની જરૂરિયાત વધુ રહે છે.દા.ત.સુતરાઉ કાપડ અને શણ ઉદ્યોગમાં ઉત્પાદન ચક્રનો ગાળો લાંબો હોવાથી વધુ કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.જયારે બેકરી અને ડેરી ઉદ્યોગને ઉત્પાદન પ્રક્રિયાનો સમયગાળો ટૂંકો હોવાથી પ્રમાણમાં ઓછી કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.
- **ઉત્પાદન નીતિ અને માંગનો પ્રકાર :**
  ઉત્પાદિત વસ્તુની માંગ મોસમી માંગ હોય અને ધંધાકીય એકમ આખા વર્ષ દરમિયાન સ્થિર ઉત્પાદનની નીતિ રાખતું હોય તો કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.દા.ત.ગરમ કપડાનું ઉત્પાદન કરતી કંપનીઓ મોટાભાગે બારે માસ ઉત્પાદન ચાલુ રાખે છે જયારે વેચાણ શિયાળાની ઋતુમાં જ થાય છે.
- **કાચા માલનો સંગ્રહ :**
  કાચા માલના પ્રાપ્તિસ્થાનો મર્યાદિત હોય કે અનિયમિત રીતે કાચો માલ પૂરો પાડતા હોય કે ચોક્કસ ઋતુમાં જ પ્રાપ્ત હોય ત્યારે કાચા માલના જથ્થાનો સંગ્રહ કરવો પડે છે.આથી કાર્યશીલ મૂડીનું રોકાણ કાચામાલમાં મોટા પ્રમાણમાં થાય છે.
- **શાખનીતિ :**
  તૈયાર માલનું વેચાણ રોકડેથી કરવાનીનીતિ હોય તો ઓછી કાર્યશીલ મૂડીની જરૂર પડે છે.પરંતુ શાખ ઉપર વેચાણ નીતિ અપનાવવામાં આવી હોય તો કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધે છે.આ જ રીતે કાચો માલ સરળતાથી શાખ ઉપર મળે તો ઓછી કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.જો કાચા માલની ખરીદી રોકડેથી કરવી પડે તેમ હોય ત્યારે કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધે છે.
- **ચાલુ મિલકતોનું રોકડમાં રૂપાંતર :**
  દેવાદારો પાસેથી ઉઘરાણી ઝડપથી વસૂલ થતી હોય,તૈયાર માલનું વેચાણ રોકડેથી થતું હોય,લેણીહૂંડીનાં નાણાં પાકતી તારીખે મળી રહેતાં હોય તો પ્રમાણમાં કાર્યશીલ મૂડીની ઓછી જરૂર પડે છે.આથી વિરુદ્ધ પરિસ્થિતિમાં કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ રહે છે.
- **સ્ટોક ચલનદર:**
  તૈયાર માલના સ્ટોકનો ચલનદર ઊંચો હોય તો મૂડીની જરૂરિયાત ઓછી રહે છે અને સ્ટોક ચલન દર નીચો હોય તો કાર્યશીલ મૂડીની જરૂરિયાત વધુ રહે છે.કારણ કે કાર્યશીલ મૂડી તૈયાર માલમાં રોકાયેલી રહે છે.
- **કામગીરીની કાર્યક્ષમતા :**
  ઓછા પ્રયત્ને વધારે પરિણામો મેળવવા એટલે સંચાલકીય કામગીરીની કાર્યક્ષમતા ઉપલબ્ધ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ અને બગાડ ઓછો કે દૂર કરી ઉઘરાણી ઝડપી બનાવીને કાર્યશીલ મૂડીની જરૂરિયાત ઘટાડી શકાય છે.
- **નફાની ફાળવણી :**
  ડિવિડન્ડ તરીકે કરવામાં આવતી નફાની ફાળવણી રોકડને અસર કરે છે.કારણ કે ડિવિડન્ડ રોકડમાં જ ચૂકવવું પડે છે.કંપની તેના નફાનો મોટો ભાગ ડિવિડન્ડ તરીકે ફાળવતી હોય ત્યારે ધંધામાંથી રોકડ વધુ બહાર જતી હોવાથી કાર્યશીલ મૂડીની વધુ જરૂર રહે છે.

8.કાયમી મૂડી અને કાર્યશીલ મૂડી : March 2020

જવાબ:

મુદ્દા	કાયમી મૂડી	કાર્યશીલ મૂડી
ખ્યાલ	કાયમી મિલકતો જેવી કે જમીન,મકાન,યંત્રો,ફર્નિચર વગેરે કાયમી મિલકતોમાં રોકાયેલી મૂડીને કાયમી મૂડી કહે છે.	ચાલુ મિલકતો જેવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હુંડી વેગેરેમાં રોકાયેલી મૂડીને કાર્યશીલ મૂડી કહે છે.

સમયગાળો	ધંધામાં લાંબાગાળા માટે રોકાયેલી રહે છે.	ધંધામાં ટૂંકાગાળા માટે રોકાયેલી રહે છે.
તરલતા	લાંબા ગાળા માટે કાયમી મિલકતોમાં રોકાયેલી હોવાથી તરલતાનું પ્રમાણ નજીવું છે.	ઝડપથી રોકડમાં રૂપાંતર પામે છે તેથી તરલતાનું પ્રમાણ ઊંચુ છે.
જોખમ	જોખમનું પ્રમાણ વધુ છે.	જોખમનું પ્રમાણ ઓછુ છે.
જરૂરિયાત	જમીન,મકાન,પ્લાન્ટ અને યંત્રો જેવી કાયમી મિલકતો ખરીદવા માટે જરૂરી છે.	રોજબરોજના ખર્ચાઓ જેવા કે મજૂરી,વેતન અને કાચા માલની ખરીદી માટે જરૂરી છે.
પ્રાપ્તિસ્થાન	આ મૂડી શેર અને ડિબેંચર બહાર પાડીને કે નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવાય છે.	આ મૂડી વેપારી શાખ,બેંકઓવર ડ્રાફ્ટ,દેશી શરાફો વેગેર પાસેથી મેળવાય છે.
ઘસારો	કાયમી મિલકતોમાં રોકાયેલી મૂડી ઘસારાને પાત્ર છે.	કાર્યશીલ મૂડી પર ઘસારો ગણવામાં આવતો નથી.

વિભાગ : E

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.(પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૫ ગુણ) 🔒 નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.

1. 🔒 નાણાકીય સંચાલનનું મહત્વ સમજાવો.

જવાબ:

- નાણાકીય સંચાલન આજે કોર્પોરેટ કક્ષાએ સવિશેષ જરૂરિયાત ધરાવે છે.
- આધુનિક અર્થકારણમાં જરૂર પડે ત્યારે નાણાકીય વ્યવસ્થા કરવી એટલે નાણાકીય સંચાલન.
- ધંધાકીય અને સ્પર્ધાત્મક વાતાવરણમાં આવેલ ફેરફારો અને પરિસ્થિતીના પરિણામે નાણાકીય સંચાલન એક અગત્યનો મુદ્દો ઉપસ્થિત થયો છે.
- ઈ.સ.૧૯૫૦ પછી વૈશ્વિક સ્તરે ધંધાકીય પર્યાવરણ આર્થિક સાંપ્રત પ્રવાહોમાં પરિવર્તન થવાને કારણે નાણાકીય સંચાલનનું મહત્વ વધ્યું છે.

નાણાકીય સંચાલનના મહત્વના મુદ્દાઓ નીચે પ્રમાણે સમજાવી શકાય.

નાણાકીય જરૂરિયાતનો અંદાજ	**નાણાકીય સંચાલનનું મહત્વ**
નાણાં પ્રાપ્તિ	
આયોજન અને અંકુશ	
નાણાંની વેંહેચણી	
તરલતાની જાળવણી	
આવકની વંહેચણી	
ચાલુ મિલકતોનું સંચાલન	
નાણાકીય નિર્ણયો	
ધંધાની શાખમાં વધારો	

- **નાણાકીય જરૂરિયાતનો અંદાજ :-**

નિશ્ચિત સમય દરમિયાન ધંધા માટે લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની મૂડીની કેટલી જરૂરિયાત રહેશે તેનો અંદાજ નાણાકીય સંચાલન મેળવે છે.

- **નાણાં પ્રાપ્તિ :**

નાણાકીય સંચાલન મૂડીના પ્રાપ્તિ સ્થાનોની કરકસરયુક્ત પસંદગી કરી ઓછી પડતરે મૂડી મેળવે છે.

- **આયોજન અને અંકુશ :**

નાણાનો ઉપયોગ કરકસરયુક્ત રીતે થાય છે તે માટે નાણાંના આયોજન સાથે અંકુશ રાખે છે.

- **નાણાંની વંહેચણી :**

જુદા જુદા વિભાગો વચ્ચે નાણાની એવી રીતે વંહેચણી કરે છે કે જેથી દરેક વિભાગોને પર્યાપ્ત નાણાં મળી રહે છે.

- **તરલતાની જાળવણી:**

રોકડ પ્રવાહ પત્રક અને રોકડ અંદાજપત્ર તૈયાર કરી તરલતાની જાળવણી કરે છે જેથી ચોક્કસ રોકડ સિલક હાથ ઉપર રાખી શકાય.

- **આવકની વંહેચણી :**

નફાનો કેટલો હિસ્સો શેરહોલ્ડરો વચ્ચે ડિવિડન્ડ તરીકે વંહેચવો અને નફાના કેટલા ભાગનું ધંધામાં પુનઃરોકાણ કરવુ તે નક્કી કરે છે.

- **ચાલુ મિલકતોનું સંચાલન :**

ચાલુ મિલકતોમાં રોકડ,દેવાદારો,માલસામગ્રી,વેચાણપાત્ર જામીનગીરીઓ,બેંક સિલક વગેરેનો સમાવેશ થાય છે.આ ચાલુ મિલકતોનાં રોકાણ માટેની નીતિનું ઘડતર કરે છે.

- **નાણાકીય નિર્ણયો :**

નાણાકીય સંચાલન મૂડી બજેટ,ડિવિડન્ડ નીતિ,નફાનું પુનઃરોકાણ વગેરે અંગે મહત્વના નિર્ણયો લે છે.અને આ જુદા જુદા નાણાકીય નિર્ણયો વચ્ચે સંકલન જાળવે છે.દા.ત. ડિવિડન્ડ નીતિ અને નફાના પુનઃરોકાણ વચ્ચે સંકલન

- **ધંધાની શાખમાં વધારો ;**

ધંધાની પ્રગતિ અને વિકાસમાં નાણાકીય સંચાલન મહત્વનું યોગદાન આપે છે.કાર્યક્ષમ નાણાકીય સંચાલન નાણાકીય અનુકૂળતાઓ ઉભી કરે છે જેથી કર્મચારીઓને પગાર અને લેણદારોને સમયસર ચૂકવણી કરી શકાય છે.પરિણામે ધંધાની શાખમાં વધારો થાય છે.

2. મૂડી માળખાને અસર કરતાં પરિબળો ચર્ચો.

જવાબ:

મૂડીમાળખું એટલે કંપનીએ તેની જરૂરી મૂડી ઉભી કરવા માટે ઉપયોગમાં લીધેલા જુદાં જુદાં પ્રાપ્તિસ્થાનોનું મિશ્રણ. આ મૂડી માળખાને અસરકરતાં પરિબળો મુખ્યત્વે બે ભાગમાં વંહેચવામાં આવે છે.

મડી માળખાને અસર કરતાં પરિબળો	
આંતરિક પરિબળો	**બાહ્ય પરિબળો**
• ધંધાનો પ્રકાર	• મૂડી બજારમાં તેજી-મંદીની પરિસ્થિતી
• ધંધાનું કદ	• મૂડી બજારમાં પ્રવર્તમાન વ્યાજનો દર
• ધંધાની કમાણીના અંદાજો	• મૂડી પડતર-જામીનગીરીનો બહાર પાડવાનો ખર્ચ
• મિલકતોનું સ્વરૂપ અને જરૂરિયાત	• કાનુની નિયંત્રણો
• સંચાલકોનું વલણ	• કરવેરાની નીતિ
• નાણાકીય જરૂરિયાતો	• સંસ્થાકીય રોકાણકારો
• મૂડીની જરૂરિયાતનો સમય	• વિદેશી સંસ્થાકીય રોકાણકારો

- **આંતરિક પરિબળો :**
- **૧.ધંધાનો પ્રકાર :**

  ઉત્પાદન કરતાં વિશાળ ઔદ્યોગિક એકમોમાં કાયમી મૂડીની જરૂરિયાત વધુ હોય છે જ્યારે વેપારી એકમોમાં પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત ઓછી હોય છે.સેવાકીય એકમોમાં સેવાના પ્રકારના આધારે કાયમી મૂડી રોકાણ નક્કી થાય છે.

- **ધંધાનું કદ :**

  મોટા કદના એકમોની પ્રવૃત્તિઓ વિશાળ પાયા પર હોવાથી મોટા પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.નાના કદના ઔદ્યોગિક એકમોને પ્રમાણમાં ઓછી કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.વેપારી એકમોમાં પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત ઓછી હોય છે.

- **ધંધાની કમાણીના અંદાજો :**

ધંધાની કમાણી સ્થિર અથવા અસ્થિર હોઈ શકે છે.કંપનીની ભવિષ્યની અંદાજીત કમાણી સ્થિર અને સારાં પ્રમાણમાં થાય તો કંપની ઉછીની મૂડી પર આધાર રાખી શકે છે.

- **મિલકતોનું સ્વરૂપ અને જરૂરિયાત :-**
  મોટા પાયા પર કાયમી મિલકતોની ધંધામાં જરૂરિયાત વધુ હોય ત્યારે મૂડી માળખામાં ઈક્વિટી શેરનું પ્રમાણ વધુ હોય છે.કાયમી મિલકતોમાં રોકાણ વધુ હોવાને કારણે મિલકતો ખરીદવી કે ભાડાપટે રાખવી તે વિચારવામાં આવે છે.

- **સંચાલકોનું વલણ :**
  જો કંપનીના સંચાલકો કંપની પર તેમનો સંચાલકીય અંકુશ જાળવી રાખવા માંગતા હોય તો તેઓ વધુ પ્રમાણમાં ઈક્વિટી શેર બહાર ન પાડતા પ્રેફરન્સ શેર કે ડિબેન્ચર પર વધુ આધાર રાખે છે.

- **નાણાકીય જરૂરિયાત :**

ઓછા પ્રમાણમાં મૂડીની જરૂરિયાત હોય તો માત્ર ઈક્વિટી શેર બહાર પાડીને મૂડી એકઠી કરી શકાય છે.પરંતુ વિશાળ મૂડી ભંડોળની જરૂરિયાત હોય તો વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડવી પડે છે.આ ઉપરાંત મૂડી માળખું તૈયાર કરતી વખતે લાંબા ગાળાના ધ્યેયો,યોજનાઓ,ભાવિ વિકાસની શક્યતાઓ વગેરે માટે ભવિષ્યમાં કેટલી નાણાકીય જરૂરિયાત રહેશે તે ધ્યાનમાં લેવું પડે છે.

- **મૂડીની જરૂરિયાતનો સમય :**

જો મૂડીની જરૂરિયાત કાયમ માટે હોય તો કંપની ઈક્વિટી શેર બહાર પાડવાનું પસંદ કરશે.બીજી બાજુ,કંપનીને ટૂંકાગાળા માટે મૂડીની જરૂર હોય તો ડિબેન્ચર કે પ્રેફરન્સ શેર દ્વારા પણ મૂડી મેળવશે.

- **બાહ્ય પરિબળો :**

- **મૂડી બજારમાં તેજીમંદીની પરિસ્થિતી :**

મંદીના સમયમાં રોકાણકારો વ્યાજની સ્થિર આવક માટે ઈક્વિટી શેરમાં નહિ,પરંતુ ડિબેન્ચરમાં રોકાણ કરવાનું પસંદ કરશે.જયારે તેજીના સમયમાં ઊંચા ડિવિડન્ડની અપેક્ષાએ રોકાણકારો ઈક્વિટી શેરમાં રોકાણ કરવાનું પસંદ કરશે.આમ,મૂડી માળખાની રચનાનો આધાર મૂડી બજારના પ્રવર્તમાન વલણો ઉપર રહેલો છે.

- **બજારમાં પ્રવર્તમાન વ્યાજનો દર :**

મૂડી બજારમાં પ્રવર્તમાન વ્યાજનો દર ઊંચો હોય તો ઈક્વિટી શેર બહાર પાડી ભંડોળ મેળવવાનું વલણ રહે છે.કારણ કે ઉછીની મૂડી પર વધુ વ્યાજની ચૂકવણી કંપની માટે બોજારૂપ બને છે.પરંતુ પ્રવર્તમાન વ્યાજના દર ઓછા હોય તો મૂડી માળખામાં ડિબેન્ચરને સ્થાન આપવામા આવે છે.

- **મૂડી પડતરની-જામીનગીરીઓ બહાર પાડવાનો ખર્ચ:**

મૂડી ઉભી કરવા માટે જામીનગીરીઓ બહાર પાડવામાં આવે ત્યારે કંપનીએ વિજ્ઞાપનપત્ર બહાર પાડવાનો ખર્ચ,બાંહેધરી કમિશન,દલાલી વગેરે ખર્ચાઓ કરવા પડે છે.જેમ આ ખર્ચા વધુ તેમ મૂડી પડતર વધુ,વિવિધ પ્રકારની જામીનગીરીઓ બહાર પાડવામાં ખર્ચા જુદા જુદા હોય છે.જો કે ડિબેંચર બહાર પાડવાનો ખર્ચ,અન્ય જામીનગીરીઓ બહાર પાડવાની સરખામણીમાં ઓછો આવે છે.

- **કાનુની નિયંત્રણો :**

મૂડી માળખું પસંદ કરતી વખતે કાનૂની નિયંત્રણો પણ ધ્યાનમાં રાખવામાં આવે છે.કંપનીધારા પ્રમાણે જામીનગીરીઓ બહાર પાડી મૂડીભંડોળ મેળવતી કંપનીએ ઈક્વિટી શેર ફરજીયાત બહાર પાડવા પડે છે.આ ઉપરાંત સેબીના નિયમોને,આર.બી.આઈ. ના નિયમોને અને કંપનીધારાની જોગવાઈઓને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

- **કરવેરા નીતિ :**

કરવેરાનું પ્રમાણ ઊંચુ હોય તો કંપની ડિબેન્ચર બહાર પાડી વધુ મૂડી ભંડોળ મેળવવાનું વલણ રાખે છે.જેથી ડિબેન્ચર પર ચૂકવેલ વ્યાજની રકમ કરવેરાના હેતુ માટે આવકમાંથી કપાત તરીકે મજરે મેળવી શકાય.આ જ પ્રમાણે ડિવિડન્ડની આવક કરમુક્ત હોય કે ડિવિડન્ડની આવક પર નીચાદ રે કર વસૂલાતો હોય ત્યારે સ્વાભાવિક છે કે રોકાણકારોમાં ઈક્વિટી શેર વધુ લોકીપ્રય બને છે.

- **સંસ્થાકીય રોકાણકારો :**

વીમા કંપનીઓ,બેન્કો,રાજય અને કેન્દ્ર સકરારના નાણાં કોર્પોરેશન નાણાકીય સંસ્થાઓ વગેરે તેમના સ્થાપિત નિયમો અને શરતોને આધિન રહી કંપનીઓના શેર અને ડિબેન્ચરમાં રોકાણ કરે છે.મૂડી માળખાની રચના કરતી વખતે કે મૂડી માળખાની રચનામાં ફેરફાર કરતી વખતે આ બધી સંસ્થાઓના વલણો અને શરતોી વિચારણા કરવામાં આવે છે.

- **વિદેશી સંસ્થાકીય રોકાણકારો :**

વિદેશી રોકાણકાર સંસ્થા એક એવી સંસ્થા છે કે જેની સ્થાપના અને નોંધણી ભારત બહાર થઈ હોય અને જેનો ઉદ્દેશ ભારતના પ્રાથમિક અને ગૌણ બજારમાં નિયત કરેલી જામીનગીરીઓમાં રોકાણ કરવાનો હોય છે.વિદેશ રોકાણ સંસ્થાએ સેબી સમક્ષ તેની નોંધણી કરાવવી પડે છે.આવી સંસ્થાઓને ભારતીય કંપનીના શેર,ડિબેંચર ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે.

3. કાર્યશીલ મૂડીની વ્યાખ્યા આપી કાર્યશીલ મૂડીનો ખ્યાલ સમજાવો.

જવાબ:

કાર્યશીલ મૂડી ની વ્યાખ્યા :

- બધાં જ પ્રકારના ધંધામાં કાયમી મૂડી અને કાર્યશીલ મૂડીની જરૂર રહે છે.કાયમી મિલકતો જેવી કે જમીન,મકાન,યંત્રો વગેરે ખરીદવા માટે કાયમી મૂડીની જરૂર રહે છે.
- જયારે કાર્યશીલ મૂડીની જરૂરિયાત રોજબરોજના ખર્ચા ચૂકવવા માટે રહે છે.જે સામાન્ય રીતે ધંધાની ચાલુ મિલકતો જેવી કે કાચો માલ,દેવાદારો,લેણીહૂંડી વગેરેમાં રોકાયેલી રહે છે.કાર્યશીલ મૂડી ધંધામાં દતત રીતે ચક્રાકાર ફરતી રહે છે. આથી કાર્યશીલ મૂડીને જીવનરક્ત કહે છે.
- ચાલુ મિલકતોનો ચાલુ જવાબદારીઓ ઉપરનો વધારો એટલે કાર્યશીલ મૂડી.
- ચાલુ મિલકતોનો સરવાળો એટલે ધંધાની કુલ કાર્યશીલ મૂડી.

કાર્યશીલ મૂડીનો ખ્યાલ :

(૧) કુલ કાર્યશીલ મૂડી :

ધંધાની ચાલુ મિલકતો જવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હૂંડી,ટુંકાગાળાની જામીનગીરીઓ વગેરેમાં કુલ રોકાણનો સરવાળો એટલે કુલ કાર્યશીલ મૂડી.

આમ , કુલ કાર્યશીલ મૂડી = કુલ ચાલુ મિલકતો

(૨) ચોખ્ખી કાર્યશીલ મૂડી :

- ચાલુ મિલકતો બાદ ચાલુ જવાબદારીઓ એટલે ચોખ્ખી કાર્યશીલ મૂડી
- ચોખ્ખી કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો -ચાલુ જવાબદારીઓ

હકારાત્મક કાર્યશીલ મૂડી

જયારે ચાલુ જવાબદારીઓ કરતાં ચાલુ મિલકતોનો વધારો હોય તો તેને હકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.

નકારાત્મક કાર્યશીલ મૂડી

- જયારે ચાલુ મિલકતો કરતાં ચાલુ જવાબદારીઓનો વધારો હોય તો તેને નકારાત્મક કાર્યશીલ મૂડી કહે છે.

5. તફાવત આપો :

(૧) કુલ કાર્યશીલ મૂડી અને ચોખ્ખી કાર્યશીલ મૂડી

જવાબ:

મુદ્દા	કુલ કાર્યશીલ મૂડી	ચોખ્ખી કાર્યશીલ મૂડી
ખ્યાલ	ધંધાની ચાલુ મિલકતો જવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હૂંડી,ટુંકાગાળાની જામીનગીરીઓ વગેરેમાં કુલ રોકાણનો સરવાળો એટલે કુલ કાર્યશીલ મૂડી.	ચાલુ મિલકતો બાદ ચાલુ જવાબદારીઓ એટલે ચોખ્ખી કાર્યશીલ મૂડી
તરલતાની સ્થિતી	આ ખ્યાલ કંપનીની તરલતાની સ્થિતી દર્શાવતો નથી.	આ ખ્યાલ કંપનીની તરલતાની સ્થિતી દર્શાવતો છે.
સાચી પરિસ્થિતીનો ખ્યાલ	કંપનીની સાચી નાણાકીય પરિસ્થિતીનો ખ્યાલ આપતો નથી.	કંપનીની સાચી નાણાકીય પરિસ્થિતીનો ખ્યાલ આપતો નથી.
વધારો/ઘટાડો	ચાલુ જવાબદારીઓમાં વધારો કુલ કાર્યશીલ મૂડીમાં વધારો કરે છે.	ચાલુ જવાબદારીમાં વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં ઘટાડો કરે છે.
સુત્ર	કુલ કાર્યશીલ મૂડી = કુલ ચાલુ મિલકતા	ચોખ્ખી કાર્યશીલ મૂડી = ચાલુ મિલકતો -ચાલુ જવાબદારીઓ

(૨) કાયમી મૂડી અને કાર્યશીલ મૂડી : March 2020

જવાબ:

મુદ્દા	કાયમી મૂડી	કાર્યશીલ મૂડી
ખ્યાલ	કાયમી મિલકતો જેવી કે જમીન,મકાન,યંત્રો,ફર્નિચર વગેરે કાયમી મિલકતોમાં રોકાયેલી મૂડીને કાયમી મૂડી કહે છે.	ચાલુ મિલકતો જેવી કે કાચા માલ અને તૈયાર માલનો સ્ટોક,દેવાદારો,લેણી હુંડી વેગેરેમાં રોકાયેલી મૂડીને કાર્યશીલ મૂડી કહે છે.
સમયગાળો	ધંધામાં લાંબાગાળા માટે રોકાયેલી રહે છે.	ધંધામાં ટૂંકાગાળા માટે રોકાયેલી રહે છે.
તરલતા	લાંબા ગાળા માટે કાયમી મિલકતોમાં રોકાયેલી હોવાથી તરલતાનું પ્રમાણ નજીવું છે.	ઝડપથી રોકડમાં રૂપાંતર પામે છે તેથી તરલતાનું પ્રમાણ ઊંચુ છે.
જોખમ	જોખમનું પ્રમાણ વધુ છે.	જોખમનું પ્રમાણ ઓછુ છે.
જરૂરિયાત	જમીન,મકાન,પ્લાન્ટ અને યંત્રો જેવી કાયમી મિલકતો ખરીદવા માટે જરૂરી છે.	રોજબરોજના ખર્ચાઓ જેવા કે મજૂરી,વેતન અને કાચા માલની ખરીદી માટે જરૂરી છે.
પ્રાપ્તિસ્થાન	આ મૂડી શેર અને ડિબેંચર બહાર પાડીને કે નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવાય છે.	આ મૂડી વેપારી શાખ,બેંકઓવર ડ્રાફ્ટ,દેશી શરાફો વેગેર પાસેથી મેળવાય છે.
ઘસારો	કાયમી મિલકતોમાં રોકાયેલી મૂડી ઘસારાને પાત્ર છે.	કાર્યશીલ મૂડી પર ઘસારો ગણવામાં આવતો નથી.

6. કાયમી મૂડીની વ્યાખ્યા આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

જવાબ:

કાયમી મૂડી એટલે લાંબાગાળાની મૂડી કે જે સામાન્ય રીતે ૫ વર્ષ કે તેથી વધુ સમય માટે ધંધામાં રોકાયેલી રહે છે.કાયમી મિલકતો જમીન,મકાન,યંત્રો,પ્લાન્ટ,ફર્નિચર વગેરેમાં રોકાયેલી રહે છે.આમ કાયમી મૂડીનું અસ્તિત્વ લાંબાગાળા સુધી ચાલુ રહે છે.

લાક્ષણિકતાઓ :

કાયમી મૂડીના લક્ષણો	
	➲ **લાંબો ગાળો :**
	➲ **વિવિધ પ્રકારના ધંધામાં જુદુ જુદુ પ્રમાણ :**
	➲ **ઘટકો :**
	➲ **તરલતા ઓછી :**
	➲ **જોખમ :**
	➲ **ઘસારો :**
	➲ **પ્રાપ્તિસ્થાનો :**

- **લાંબો ગાળો :**

કાયમી મૂડી લાંબાગાળા સુધી ૫ વર્ષ કે તેથી વધુ સમય માટે ધંધામાં રોકાયેલી રહે છે.

- **વિવિધ પ્રકારના ધંધામાં જુદુ જુદુ પ્રમાણ :**

મોટા ઉદ્યોગો જેવા કે ભારે યંત્ર સામગ્રી અને રાસાયણિક ઉદ્યોગોમાં કાયમી મૂડીનુ પ્રમાણ વધુ હોય છે.વેપારી એકમોમાં કાયમી મૂડીનું પ્રમાણ ઓછુ હોય છે.

- **ઘટકો :**

કાયમી મૂડીના ઘટકોમાં જમીન,મકાન,યંત્રો,પ્લાન્ટ,વાહનો,ફર્નિચર વગેરેનો સમાવેશ થાય છે.

- **તરલતા ઓછી :**

આ પ્રકારની મૂડી લાંબા ગાળા સુધી કાયમી મિલકતોમાં રોકાયેલી હોવાથી સરળતાથી રોકડમાં રૂપાંતર થતૂં નથી તેથી તરલતાનું પ્રમાણ ઓછુ છે.

- **જોખમ :**

કાયમી મૂડી કાયમી મિલકતોમાં રોકાયેલી હોય છે.અને કાયમી મિલકતો લાંબા ગાળાની હોવાથી તેમાં અપ્રચલિત થવાનું જોખમ રહે છે.આ સિવાય રાજકીય,સામાજીક અને આર્થિક પરિબળોમાં થતાં ફેરફાર પણ જોખમનું પ્રમાણ વધારે છે.

- **ઘસારો :**

કાયમી મૂડી જેમાં રોકાયેલી છે તેવી કાયમી મિલકતો ઉપર ઘસારો ગણાય છે.તેથી કાયમી મૂડી ચોપડે કિમંતમાં ઘટાડો થતો રહે છે.

- **પ્રાપ્તિસ્થાનો :**

કાયમી મૂડીના પ્રાપ્તિસ્થાનોમાં ધંધાના સ્થાપકો,ધંધાના માલિકો,વિવિધ પ્રકારની જામીનગીરીઓ,નાણાકીય સંસ્થાઓ અને નફાનું પુન:રોકાણ વગેરે છે.

7. કાયમી મૂડીની જરૂરિયાતને અસરકરતાં પરિબળો સમજાવો.

જવાબ:

કાયમી મૂડી ધંધાની સ્થાવર મિલકત ગણાય છે.જેથી તેને અસરકરનારા પરિબળો નો અભ્યાસ જરૂરી છે.

➲ **ધંધાનો પ્રકાર અને સ્વરૂપ :**	**કાયમી મૂડીની જરૂરિયાતને અસરકરતા પરિબળો**
➲ **એકમનું કદ :**	
➲ **માલિકી/ભાડાપટાનો ઉપયોગ :**	
➲ **સંશોધન ખર્ચ :**	
➲ **અદ્યતન ટેકનોલોજી :**	
➲ **સરકારી મદદ :**	
➲ **કરવેરાની નીતિ :**	
➲ **સ્થાપના ખર્ચ :**	

ધંધાનો પ્રકાર અને સ્વરૂપ :

ઔદ્યોગિક પ્રવૃત્તિ કરતાં ઔદ્યોગિક એકમો જેવા કે,વહાણવટા ઉદ્યોગ,લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ,ખનિજ ઉદ્યોગ વેગેરને વિશાળ પ્રમાણમાં કાયમી મૂડીની જરૂર રહે છે.સેવા પૂરી પાડતા એકમોમાં કાયમી મૂડીની જરૂર પ્રમાણમાં ઓછી હોય છે.

એકમનું કદ :

નાના કદના એકમોને મોટા કદના ઔદ્યોગિક એકમો કરતાં પ્રમાણમાં ઓછી કાયમી મૂડીની જરૂર રહે છે.ગૃહ ઉદ્યોગોને ખાંડ ઉદ્યોગ કે સુતરાઉ કાપડ ઉદ્યોગ કરતાં ઓછી કાયમી મૂડીની જરૂર પડે છે.જયારે વાહનોનું ઉત્પાદન કરતાં એકમોનું કદ મોટુ હોવાથી વધારે પ્રમાણમાં કાયમી મૂડીની જરૂરિયાત રહે છે.

માલિકી/ભાડાપટાનો ઉપયોગ :

જમીન,મકાન,યંત્રો વગેરે જેવી કાયમી મિલકતો ખરીદવા કરતાં ભાડાપટાથી મેળવવામાં આવે તો તેટલે અંશે કાયમી મૂડીનું રોકાણ ઘટાડી શકાય છે અને કાયમી મૂડીનુ જોખમ પણ ઘટાડી શકાય છે.

સંશોધન ખર્ચ :

ઔદ્યોગિક એકમોએ તેમની પેદાશને વધુ ઉપયોગી બનાવવા,ઉત્પાદન પડતર ઘટાડવા,વસ્તુનો આકાર કે રચના આકર્ષક બનાવવા સંશોધન કાર્ય હાથ ધરવું પડે છે.આ બધા ખર્ચ માટે કાયમી મૂડીની જરૂર રહે છે.

અદ્યતન ટેકનોલોજી :

સમયના પસાર થવા સાથે ટેકનોલોજી બદલાતી રહે છે.નવા સંશોધનો અને અદ્યતન ટેકનોલોજીને કારણે જુના યંત્રો દૂર કરી નવા યંત્રો વસાવવા પડે છે.આ માટે કાયમી મૂડીની જરૂર રહે છે.

સરકારી મદદ :

ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને જુદા જુદા પ્રાદેશિક વિસ્તારોમાં વિકાસને સમતુલિત બનાવવા માટે સરકાર ઉદ્યોગોને ગ્રાન્ટ કે સબસિડી,સ્વરૂપે મદદ કરે છે.દા.ત.સરકાર ઔદ્યોગિક એકમને જમીન અને ઔદ્યોગિક શેડની સહાય પૂરી પાડે છે.જેથી તેટલે અંશે કાયમી મૂડીની જરૂરિયાત ઘટે છે.

કરવેરાની નીતિ :

સરકારની કરવેરાની નીતિ પણ કાયમી મૂડીની જરૂરિયાતને અસર કરે છે.દા.ત. સરકાર યંત્રો ઉપર ઉદાર ઘસારાની નીતિ અમલમાં મૂકે તો જૂનાં યંત્રોને સ્થાને નવા યંત્રો ખરીદવાનું આકર્ષણ રહેશે.આ માટે વધારાની કાયમી મૂડીની જરૂરિયાત ઝડપી બને છે.

સ્થાપના ખર્ચ :

કંપની સ્વરૂપની સરખામણીમાં વૈયક્તિક માલિકી,ભાગીદારી પેઢી અને સહકારી મંડળીનો સ્થાપના ખર્ચ ઓછો હોય છે.કંપનીને દસ્તાવેજો તૈયાર કરવા ખર્ચાઓ કરવા પડે છે.જેવા કે નોંધણી ફી,નિષ્ણાંતોની ફી,કાનુની ખર્ચા વગેરે માટે કાયમી મૂડીની જરૂર રહે છે.

8. નાણાકીય સંચાલનની વ્યાખ્યા આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

જવાબ:

- નાણાકીય સંચાલન એટલે નાણાકીય બાબતો અંગે નિર્ણયો લેવા,તેનો અમલ સરળ બનાવવા જરૂરી પગલાં લેવા અને તેની આલોચના કરવી.
- બીજા શબ્દોમાં કહીએ તો,નાણાકીય સંચાલન એટલે ભંડોળ મેળવવું,તેનો ઈષ્ટતમ ઉપયોગ કરવો તથા તેની યોગ્ય ફાળવણી કરવી.
- આમ નાણાકીય સંચાલનનું ક્ષેત્ર એટલુ વિશાળ છે કે જેમાં ધંધાની શરૂઆતથી તેના વિસ્તરણ અને અંત સુધીના ધંધાના બધાં જ નાણાકીય નિર્ણયોને આવરી લેવાય છે.

લાક્ષણિકતાઓ :

નાણાકીય સંચાલનના લક્ષણો	
	➲ **સંચાલનની શાખા :**
	➲ **વિશાળ કાર્યક્ષેત્ર :**
	➲ **સંચાલકીય નિર્ણયોનો આધાર :**
	➲ **નાણાકીય નિર્ણયો સાથે સંબંધ :**
	➲ **માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હેતુ :**
	➲ **સંચાલનના અન્ય વિસ્તારો સાથે સંબંધ :**
	➲ **બે ભાગમાં વિભાજન :**

- **સંચાલનની શાખા :**

નાણાકીય સંચાલન એ સંચાલનની એક શાખા છે કે જેમાં નાણાંના ઉપયોગ માટે આયોજન અને અંકુશ કાર્યનો સમાવેશ થાય છે.

- **વિશાળ કાર્યક્ષેત્ર :**
  નાણાકીય સંચાલનનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે કે જેમાં નાણાની જરૂરિયાતનુ. અનુમાન પ્રાપ્તિ,મહત્તમ ઉપયોગ,યોગ્ય ફાળવણી અને તેના આયોજન તથા અંકુશનો સમાવેશ થાય છે.ધંધાની શરૂઆતથી તેના અંત સુધીના બધાં જ નાણાકીય કાર્યોનો સમાવેશ થાય છે.

- **સંચાલકીય નિર્ણયોનો આધાર :**

સંચાલકીય નિર્ણયો માટેનો આધાર નાણાકીય સંચાલન પૂરો પાડે છે.ઉત્પાદન,વેચાણ,સંશોધન અને વિકાસ વગેરે અંગેના નિર્ણયો નાણાકીય સંચાલન ઉપર આધાર રાખે છે.

- **નાણાકીય નિર્ણયો સાથે સંબંધ :**

રોકાણ,મૂડી માળખું અને ડિવિડન્ડ નીતિ અંગેના નિર્ણયો સાથે નાણાકીય સંચાલન સંબંધ ધરાવે છે.નિર્ણય પ્રક્રિયામાં નાણાકીય સંચાલન આધુનિક ગાણિતિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

- **માલિકના મહત્તમ આર્થિક કલ્યાણનો હેતુ :** માલિકના મહત્તમ આર્થિક કલ્યાણ માટે નાણાકીય સંચાલન બે ધોરણો અપનાવે છે.

(૧) નફાનું મહત્તમીકરણ અને (૨) સંપત્તિનું મહત્તમીકરણ

ચાવીરૂપ સ્થાન :નાણાકીય સંચાલન એ સંચાલકીય પ્રવૃત્તિ છે.અને ધંધાકીય એકમના વ્યવસ્થાપકીય માળખામાં ચાવીરૂપ સ્થાન ધરાવે છે.

- **સંચાલનના અન્ય વિસ્તારો સાથે સંબંધ :**

ધંધાની મોટાભાગની પ્રવૃત્તિઓ જેવી કે ઉત્પાદન,વેચાણ,બજાર સંશોધન નાણાં સાથે સંકળાયેલી હોય છે.નાણાકીય સંચાલનમાં પૂરતા પ્રમાણમાં ભંડોળ હશે તો ઉત્પાદન નીતિ,વેચાણ નીતિ વગેરેના ઘડતરમાં વધારે પરિવર્તન રહેશે.આ અર્થમાં નાણાકીય સંચાલન એ સંચાલનના જુદા જુદા વિસ્તારો જેવા કે ઉત્પાદન સંચાલન,બજાર સંચાલન,કર્મચારી સંચાલન સાથે સંબંધ ધરાવે છે.

- **બે ભાગમાં વિભાજન :**

નાણાકીય સંચાલન બે ભાગમાં વંહેચી શકાય છે.દા.ત. લાંબા ગાળાની કાયમી મૂડીનું સંચાલન અને કાર્યશીલ મૂડીનું સંચાલન.કાયમી મૂડીના સંચાલનમાં કાયમી મિલકતો જેવી કે મકાન,યંત્રો,જમીન વગેરેના વિસ્તરણ માટેના આયોજનનો સમાવેશ થાય છે.જયારે કાર્યશીલ મૂડીનું સંચાલન રોજબરોજના ખર્ચા માટે જરૂરી છે.